E-COPY

SEPTEMBER - 2021

# વર્તમાન પ્રવાહો

Date
01/09/2021
To
15/09/2021

## પ્રશ્નબેન્ક

## Part -1

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં યોજાનાર
વિવિધ પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

GPSC | PI | નાયબ મામલતદાર | DY. SO | STI | બિન સચિવાલય
PSI | કોન્સ્ટેબલ | તલાટી | OTHER CLASS-3 | TET/TAT











(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

Surat Ph. : 70461 40555
Varachha Ph. : 70464 16555
Valsad Ph. : 81401 37555
Navsari Ph. : 70466 41555
Vyara Ph. : 90998 64658

**1. અવની લેખારાએ ટોકયો પેરાલિમ્પિકસ 2020માં કઈ ઈવેન્ટમાં ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો ?**
(A) તીરંદાજી (B) શૂટિંગ (C) ટેનિસ (D) બેડમિન્ટન

**2. તાજેતરમાં નિધન પામેલા બુદ્ધદેવ ગુહા કઈ ભાષાના પ્રખ્યાત લેખક હતા ?**
(A) બંગાળી (B) મલયાલમ (C) હિન્દી (D) ડોંગરી

**3. પેરાલિમ્પિકસ 2020માં દેવેન્દ્ર ઝાઝરીયાએ કઈ રમતમાં ભારત માટે સિલ્વર મેડલ મેળવ્યો છે ?**
(A) ભાલાફેંક (B) શૂટિંગ (C) ડિસ્ક થ્રો (D) કુસ્તી

**4. ભારતીય પેરા–એથ્લીટ સુમિત એન્ટિલે ટોકયો પેરાલિમ્પિકસમાં કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે ?**
(A) ડિસ્ક થ્રો (B) ભાલા ફેંક (C) શૂટિંગ (D) બેડમિન્ટન

**5. યોગેશ કથુનિયાએ પેરાલિમ્પિકસ 2020માં કઈ ઈવેન્ટમાં ભારત માટે સિલ્વર મેડલ મેળવ્યો છે ?**
(A) શૂટિંગ (B) તીરંદાજી (C) ડિસ્ક થ્રો (D) લોન્ગ જમ્પ

**6. ભારતના પેરાએથ્લેટિકસ ડિસ્ક થ્રોઅરનું નામ જણાવો. જેણે વર્ગીકરણ પુનઃમૂલ્યાંકનમાં અયોગ્ય જાહેર કર્યા બાદ પોતાનો પેરાલિમ્પિક બ્રોન્ઝ મેડલ ગુમાવ્યો છે ?**
(A) રવિ શર્મા (B) સંજય કુમાર (C) વિનોદ કુમાર (D) સોનુ સિંહ

**7. Phonepe એ તાજેતરમાં IRDAI પાસેથી વીમા વ્યવસાય કરવા માટે કયું લાઈસન્સ મેળવ્યું છે ?**
(A) કોર્પોરેટ એજન્ટ લાયસન્સ (B) ડાયરેકટ બ્રોકિંગ લાયસન્સ
(C) પર્સનલ એજન્ટ લાયસન્સ (D) જોઈન્ટ બ્રોકર લાયસન્સ

**8. હોંગકોંગ અને શાંઘાઈ બેન્કિંગ કોર્પોરેશન (HSBC) એશિયાના ઈન્ડીપેન્ડેન્ટ ડાયરેકટર (સ્વતંત્ર નિર્દેશક) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**
(A) ચંદા કોચર (B) અંશુલા કાંત (C) અરુંધતી ભટ્ટાચાર્ય (D) રજનીશ કુમાર

**9. જાણીતા કોચ વાસુ પરાંજયેનું તાજેતરમાં નિધન થયું છે. તેઓ કઈ રમતના ભૂતપૂર્વ ભારતીય કોચ હતા ?**
(A) ક્રિકેટ (B) હોકી (C) કુસ્તી (D) બેડમિન્ટન

**10. હાલમાં 'કોવિડ–19' માં પતિ ગુમાવનાર મહિલાઓ માટે કઈ રાજ્ય સરકારે 'મિશન વાત્સલ્ય' શરૂ કર્યું છે ?**
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ (D) હરિયાણા

**11. યુનાઈટેડ નેશન્સ દ્વારા આફ્રિકન મૂળના લોકો માટે આંતરરાષ્ટ્રીય દિવસ પ્રથમ વખત કયારે મનાવવામાં આવ્યું ?**
(A) 15 જુલાઈ, 2021 (B) 15 જૂન, 2021 (C) 31 સપ્ટેમ્બર, 2021 (D) 31 ઓગષ્ટ, 2021

**12. હાલમાં ભારતીય નૌકાદળ અને જર્મન નૌકાદળ વચ્ચે એડનના અખાતમાં સંયુકત દરિયાઈ કવાયતમાં કયા ભારતીય યુદ્ધ જહાજે ભાગ લીધો હતો ?**
(A) INS તલવાર (B) INS ત્રિશૂલ (C) INS કોચી (D) INS ત્રિકંદ

**13. ભારતીય ડેરી કંપનીનું નામ જણાવો, જેણે રાબોબેકંની વર્ષ 2021 વૈશ્વિક ટોચની 20 ડેરી કંપનીઓની વિશ્વ યાદીમાં સ્થાન મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે ?**

(A) ઓડિસા રાજ્ય સહકારી દૂધ ઉત્પાદક સંઘ
(B) આંધ્રપ્રદેશ ડેરી ડેવલપમેન્ટ કોઓપરેટીવ ફેડરેશન
(C) ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશન
(D) ઉત્તર પ્રદેશ સહકારી દૂધ સંઘ

**14. કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT) ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) જે.પી.મોહાપાત્રા (B) રાહુલ કરૂપીણ (C) અનિલ કુમાર (D) મોહન અગ્રવાલ

**15. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિએ વિદેશી હૂંડિયામણ કટોકટીને કારણે ખાદ્ય કટોકટી જાહેર કરી છે ?**

(A) નેપાળ (B) શ્રીલંકા (C) ઈન્ડોનેશિયા (D) અફઘાનિસ્તાન

**16. 'વિશ્વ નાળિયેર દિવસ' નીચેનામાંથી કયા દિવસે ઉજવવામાં આવે છે ?**

(A) 10 જાન્યુઆરી (B) 12 માર્ચ (C) 2 સપ્ટેમ્બર (D) 8 એપ્રિલ

**17. સપ્ટેમ્બર 2021 દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા KYC ધોરણોનું પાલનમાં બેદરકારી કરવાના લીધે કઈ બેંકને 25 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે ?**

(A) એક્સિસ બેંક (B) PNB બેંક (C) YES બેન્ક (D) બેન્ક ઓફ બરોડા

**18. ચીન દેશે તેમના કયા શહેરમાં હાલમાં 'યાંગુન' મારફતે હિંદ મહાસાગરમાં પ્રવેશ પૂરો પાડતી નવી–સી–રોડ–રેલ લિંક શરૂ કરવામાં આવી છે ?**

(A) શાંઘાઈ (B) ચેંગદૂ (C) બેઝીંગ (D) વુહાંગ

**19. ભારતમાં નાના અને લઘુ ઉદ્યોગોના મહત્વને ઓળખવા માટે દર વર્ષે કઈ તારીખે 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ'નું આયોજન કરવામાં આવે છે ?**

(A) 10 ઓગષ્ટ (B) 12 સપ્ટેમ્બર (C) 15 સપ્ટેમ્બર (D) 30 ઓગષ્ટ

**20. ભારતીય કુસ્તીને મોટા પાયે પ્રોત્સાહન આપવા માટે કઈ રાજ્ય સરકારે વર્ષ 2032 સુધીમાં આ રમત અપનાવવાનું નક્કી કર્યું છે ?**

(A) બિહાર (B) પંજાબ (C) ઉત્તર પ્રદેશ (D) ઝારખંડ

**21. તાજેતરમાં વિજય રૂપાણીએ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું છે. તેઓ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા?**

(A) 16મા (B) 14મા (C) 17મા (D) 15મા

**22. વાય–બ્રેક (Y-BREAK) એક 5 મિનિટની યોગ પ્રોટોકોલ એપ્લિકેશન છે જે કાર્યકારી વ્યાવસાયિક પર કેન્દ્રિત છે, આ એપ્લિકેશન કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી છે ?**

(A) આયુષ મંત્રાલય (B) યુવા બાબતો અને રમત મંત્રાલય
(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (D) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

**23. ધી યુબ્રેથ લાઈફ એક જીવંત છોડ આધારીત હવા શુદ્ધિકરણ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે ?**

(A) IIT મદ્રાસ (B) IIT રોપર (C) IIT બોમ્બે (D) IIT રૂરકી

**24. તાજેતરમાં BIMSTEC દેશોના કૃષિ નિષ્ણાતોની 8મી બેઠકનું આયોજન કયા દેશે કર્યું હતું ?**

(A) નેપાળ (B) શ્રીલંકા (C) મ્યાનમાર (D) ભારત

# ગુજરાત પોલીસ ભરતી



# કારકિર્દી સેમિનાર

રજીસ્ટ્રેશન ફરજિયાત છે

Free

# PSI / ASI

સૌથી અનુભવિ ટીમ દ્વારા આગવી તૈયારી માટેની રણનીતિ અને માર્ગદર્શન

કુલ 12182* થી વધારે જગ્યાઓ

# કોન્સ્ટેબલ

COVID-19 ની ગાઈડલાઈન્સ ના સંપૂર્ણ પાલન સાથે

## Ph: 9649033255

**તારીખ** 17/10/2021, Sunday **સમય** સવારે 9:00 કલાકે

**સ્થળ** Banking Academy (Creating A Way For Govt. Jobs)

1st Floor, Shree Arc Sosyo Circle , Udhna Magdalla Road Surat

## સેવાસમાજ આયોજક

1. વિશ્વ હિંદુ પરિષદ, સુરત
2.રાષ્ટ્રીય રાજપૂત કરની સેના, સુરત
3. સમસ્ત મરાઠા સેવા સંઘ, સુરત
4. સમસ્ત ઉત્તર ભારતીય સમાજ, સુરત
5. અખિલ ભારતીય જીવા સેના, સુરત
6. સમસ્ત ગુજ્જર ક્ષત્રિય કડિયા સમાજ, સુરત
7. હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી,સુરત
8. સમસ્ત મરાઠા કુણબી પાટીલ સમાજ સેવા ટ્રસ્ટ, સુરત
9. સમસ્ત નવપરગણા ભાવસાર સેવા સમાજ, નવસારી
10. હલબા સમાજ યુવા સંઘઠન ચેરીટેબલ ટ્રસ્ટ,લીંબાયત,સુરત
11. સંત શ્રીરોહીદાસ મહારાજ ચર્મકર સમાજ, સુરત
12. આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ ઈન્ડીયા હેલ્થ લાઈનવેવ ધ યુથ પાવર
13. સમસ્ત બરોડીયા સમાજ, સુરત
14. સમસ્ત માળી સમાજ, સુરત
15. યુથ ફોર ગુજરાત, સુરત
16. સમસ્ત નાભિક સમાજ, સુરત
17. શ્રી મહર્ષિ વાલ્મિક કોળી સમાજ, સુરત
18. યુવા ગુર્જર મહાસભા, સુરત
19. સમસ્ત આંબેડકરી બોદ્ધ સમાજ
20. સમસ્ત તૈલી સમાજ,સુરત
21. યુવા સંસ્કૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત

આભારસહ

Dinesh S. Patil
96873 60157

**25. ઝામ્બોઆંગા સિબુગે સ્થિત માછીમાર અને સમુદાય પર્યાવરણવાદી રોબર્ટો બેલોનને રેમન મેગ્સેસ 2021 પુરસ્કાર મળ્યો. ઝામ્બોઆંગા સિબુગે કયાં દેશમાં આવેલો એક પ્રાંત છે ?**
(A) ફિલિપાઈન્સ (B) વિયેતનામ (C) લાઓસ (D) મલેશિયા

**26. સપ્ટેમ્બર, 2021માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયા વ્યકિતત્વની 125મી જન્મજયંતિ નિમિત્તે ખાસ '125 રૂપિયાનો સ્મારક સિક્કો' બહાર પાડયો ?**
(A) ભકિતવેદાંત સ્વામી પ્રભુપાદ (B) પોતુલુરી વીરબ્રહ્મેન્દ્ર સ્વામી
(C) નારાયણ પ્રસાદ દાસ જી સ્વામી (D) ભકિતસિદ્ધાંત સરસ્વતી

**27. કયા રાજ્યએ 5 દિવસનો લોકપ્રિય આદિવાસી કાપણી તહેવાર–'સોલુંગ' (સપ્ટેમ્બર 2021માં) ઉજવ્યો ?**
(A) ગુજરાત (B) ઉત્તરાખંડ (C) આસામ (D) અરુણાચલ પ્રદેશ

**28. તાજેતરમાં (સપ્ટેમ્બર 2021માં) ભારત અને કઝાખસ્તાન વચ્ચે આતંકવાદ વિરોધી કામગીરીના ક્ષેત્રમાં સેનાઓ વચ્ચે કુશળતા જાળવવા માટે સંયુકત કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવાયતનું નામ જણાવો.**
(A) કોર્પેટ–21 (B) SAMPRITI-IX (C) સૂર્યકિરણ XIV (D) KAZIND-21

**29. સમર્થ (SAMARTH) યોજના હેઠળ 63 સમર્થ તાલીમ કેન્દ્રોમાં આયોજિત તાલીમ દ્વારા 1500 કારીગરોને (સપ્ટેમ્બર 2021 સુધીમાં) લાભ મળ્યો. સમર્થ એ કયા મંત્રાલય હેઠળ સ્થાપિત યોજના છે ?**
(A) સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું મંત્રાલય (B) કાપડ મંત્રાલય
(C) કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (D) આદિજાતિ બાબતોનું મંત્રાલય

**30. એસ્ટ્રોફોટોગ્રાફી તરફના તેમના કામ માટે આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર સંઘના પ્રથમ ભારતીય માનદ સભ્ય (સપ્ટેમ્બર 2021માં) કોણ બન્યા ?**
(A) ડોર્જે આંગચુક (B) રઘુરામ ગોવિંદ રાજન (C) અંકુર શર્મા (D) અવિનાશ કાક

**31. તે સંસ્થાનું નામ જણાવો જેણે તાજેતરમાં ઈલેકટ્રોનિક કચરાના ટ્રેકિંગ અને પુનઃ પ્રાપ્તિ (recovery) માટે ઓપન સોર્સ પ્લેટફોર્મ 'ઈ–સોર્સ' શરૂ કર્યું.**
(A) IIT બોમ્બે (B) IIT રૂરકી (C) IIT હૈદરાબાદ (D) IIT મદ્રાસ

**32. તાજેતરમાં રાજ્યસભાના મહાસચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**
(A) પી.પી.કે. રામાંચાર્યુલું (B) એમ.એન.કૌલ
(C) M.A. આયંગર (D) થમ્બી દુરાઈ

**33. ન્યુ ડેવલપમેન્ટ બેંક (NDB) એ તાજેતરમાં ત્રણ દેશોને તેના નવા સભ્ય દેશો તરીકે મંજૂરી આપી છે. નીચેનામાંથી કયો આ ત્રણ દેશોમાંથી એક નથી ?**
(A) સંયુકત આરબ અમીરાત (B) ઉરુગ્વે (C) બાંગ્લાદેશ (D) મ્યાનમાર

**34. તાજેતરમાં ચંડીગઢ રેલવે સ્ટેશનને 5-સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેશન મળ્યું છે. 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ નીચેનામાંથી કોના દ્વારા આપવામાં આવે છે ?**
(A) ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
(B) ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
(C) આરોગ્ય મંત્રાલય
(D) આપેલ પૈકી કોઈ નહીં

**35. નીચેનામાંથી કયા હોકી ખેલાડીને ઓડિશા સરકાર દ્વારા બીજુ પટનાયક સ્પોર્ટસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યું છે ?**

(A) અમિત રોહિદાસ (B) ગગન અજીત સિંહ (C) અજિત પાલ સિંહ (D) મનપ્રીત સિંહ

**36. ભારતની નૌકાદળો અને કયા દેશે 26 ઓગષ્ટ 2021ના રોજ એડેનની ખાડીમાં સંયુકત કવાયત હાથ ધરી હતી ?**

(A) નેપાળ (B) ચીન (C) રશિયા (D) જર્મની

**37. તમિલનાડુના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતને નીચેનામાંથી કયા રાજ્યના રાજ્યપાલનો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે ?**

(A) બિહાર (B) ઝારખંડ (C) પંજાબ (D) મધ્યપ્રદેશ

**38. તાજેતરમાં કયા રાજ્યના કેન્દ્રપરા જિલ્લાને ભારતનો એકમાત્ર જિલ્લો હોવાનો ગૌરવ મળ્યો છે જ્યાં મગરની ત્રણેય પ્રજાતિઓ– ખારીલ, ખારા પાણીના મગર અને મુગ્ગર મગર જોવા મળે છે ?**

(A) ઓડિશા (B) બિહાર (C) ઝારખંડ (D) તમિલનાડુ

**39. તાજેતરમાં વિશ્વ હવામાન સંગઠન દ્વારા એક અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા 50 વર્ષમાં હવામાન સંબંધી આપત્તિઓને કારણે કેટલા લાખ લોકો મૃત્યુ પામ્યા છે ?**

(A) 2 લાખ (B) 30 લાખ (C) 40 લાખ (D) 50 લાખ

**40. સંરક્ષણ એકસ્પો 2022 (Defence Expo) નીચેનામાંથી કયા રાજ્યમાં આયોજિત કરવામાં આવશે ?**

(A) તમિલનાડુ (B) ગુજરાત (C) કેરળ (D) મધ્યપ્રદેશ

**41. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે દ્વિપક્ષીય 2 + 2 આંતર–સત્ર બેઠક યોજી છે ?**

(A) અમેરિકા (B) રશિયા (C) ઈઝરાયેલ (D) બ્રિટન

**42. તાજેતરમાં, ભારતે નીચેનામાંથી કયા પડોશી દેશમાં મહિલા ઉદ્યોગસાહસિકો માટે સોફ્ટ સ્કિલ્સ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કર્યો છે?**

(A) શ્રીલંકા (B) બાંગ્લાદેશ (C) નેપાળ (D) ભૂટાન

**43. કઈ રાજ્ય સરકારે તાજેતરમાં ઉમંગોટ નદી પર પ્રસ્તાવિત ઉમંગોટ જળવિદ્યુત પ્રોજેક્ટ ચલાવવા માટે ખાનગી વીજ ઉત્પાદકો સાથે કરાર રદ કર્યો છે ?**

(A) મધ્યપ્રદેશ (B) છત્તીસગઢ (C) હરિયાણા (D) મેઘાલય

**44. હાલમાં કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશે મહિલાઓ માટે સ્વ–સહાય જૂથ (SHG) ગ્રામીણ સાહસ પ્રવેગક કાર્યક્રમ "સાથ" શરૂ કર્યો છે ?**

(A) ચંદીગઢ (B) રાજસ્થાન (C) ઉત્તર પ્રદેશ (D) જમ્મુ અને કાશ્મીર

**45. તાજેતરમાં ભુપેન્દ્ર પટેલ ગુજરાતના 17મા મુખ્યમંત્રી બન્યા છે. તો તેમના મંત્રીમંડળમા ગુજરાતના કૃષિમંત્રી તથા પશુપાલન અને ગૌસંવર્ધન વિભાગના મંત્રીનું નામ જણાવો.**

(A) જીતુભાઈ વાઘાણી (B) પ્રદિપસિંહ પરમાર

(C) રાઘવજી પટેલ (D) મનસુખ માંડવિયા

**46. હાલમાં પેરાલિમ્પિકસમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કોણ બની છે ?**

(A) અવની લેખારા (B) ભાવિના પટેલ (C) એકતા ભયાન (D) ભાગ્યશ્રી જાધવ

**47. RBI એ અરજીઓની ચકાસણી કરવા અને ન્યૂ એમ્બ્રેલા એન્ટિટી (NUE) લાઈસન્સ પર ભલામણો કરવા માટે 5 સભ્યોની સમિતિની રચના કરવાની જાહેરાત કરી છે. આ સમિતિનું નેતૃત્વ કોણ કરશે ?**

(A) પી. વાસુદેવન (B) સૂર્ય પ્રકાશ (C) કે. કસ્તુરીરંગન (D) પ્રવિણ કુટુમ્બે

**48. હાલમાં કયો ફૂટબોલ ખેલાડી, 111 ગોલ સાથે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે ?**

(A) અલી દેઈ (B) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો
(C) નેમાર પેરિસ (D) લાયોનેલ મેસ્સી



**49. વર્ષ 2015ના નેપાળ ભૂકંપથી થયેલા નુકસાનને પુનઃ સ્થાપિત કરવા માટે કયા દેશે તાજેતરમાં નેપાળ સાથે 36 મિલિયન ડોલરના પુનર્નિર્માણ પ્રોજેક્ટ માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે ?**

(A) ચીન (B) ભારત (C) અમેરિકા (D) ઈઝરાયેલ

**50. નીચેનામાંથી કોણે ટોકિયો પેરાલિમ્પિકમાં મિક્સ્ડ્ 50 મીટર પિસ્તોલ SH1 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?**

(A) મનીષ નરવાલ (B) સિંહરાજ અધના (C) કૃષ્ણા જગતી (D) પ્રમોદ ભગત

**51. તાજેતરમાં ભારત અને સિંગાપુરે દરિયાઈ દ્વિપક્ષીય કવાયત 'SIMBEX'માં _________ માં ભાગ લીધો હતો.**

(A) એડેનની ખાડી (B) પ્રશાંત મહાસાગર (C) હિંદ મહાસાગર (D) દક્ષિણ ચીન સમુદ્ર

**52. કોલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા લોન્ચ કરાયેલા નવા સોફ્ટવેર 'સ્પેક્ટ્રલ ઈન્દાસમેંટ એસપીઈ' અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**

**(i) આ સોફ્ટવેરને કોલસાના સંસાધનોના અંદાજ આંકવા માટે લોન્ચ કરવામાં આવી છે.**

**(ii) આ નવું સોફ્ટવેર કેન્દ્રીય ખાણ આયોજન અને ડિઝાઈન સંસ્થા દ્વારા ગુજરાત ઊર્જા સંશોધન અને વ્યવસ્થાપન સંસ્થાના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.**

(A) માત્ર (i) (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) એક પણ નહીં

**53. ભારત અને કયા દેશે વર્ષ 2015ના ભૂકંપથી ક્ષતિગ્રસ્ત પ્રોજેક્ટ્સના પુનઃનિર્માણ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે?**

(A) શ્રીલંકા (B) નેપાળ (C) બાંગ્લાદેશ (D) માલદીવ

**54. ટોકયો પેરાલિમ્પિકસ 2020 ના સમાપન સમારોહ દરમિયાન નીચેનામાંથી કોણ ભારતીય ટુકડીનો ધ્વજવાહક હતો ?**

(A) કૃષ્ણા જાદવ (B) મનીષ નરવાલ (C) અવની લેખરા (D) પ્રમોદ ભગત

**55. તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી દ્વારા, મેનેજમેન્ટ શિક્ષણમાં શિક્ષણની શ્રેષ્ઠતા અને સંસ્થાકીય નેતૃત્વ દર્શાવવા માટે ફેકલ્ટી સભ્યોને નીચેનામાંથી કયા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો ?**

(A) પ્રીતમ સિંહ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ (B) વિશ્વેશ્વરાય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ

(C) વિશ્વકર્મા શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર (D)ડો.એ.પી.જે.અબ્દુલકલામ શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર

**56. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ દર વર્ષે ______ ના રોજ મનાવવામાં આવે છે.**

(A) 9 ઓક્ટોબર (B) 14 ઓગષ્ટ (C) 18 જુલાઈ (D) 8 સપ્ટેમ્બર

**57. તાજેતરમાં હસ્તાક્ષર કરેલ કાર્બી આંગલોંગ કરાર અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**

**(i) આ કરાર હેઠળ, ભારત સરકારે કાર્બી વિસ્તારોના વિકાસ માટે 1000 કરોડ રૂપિયાના વિશેષ વિકાસ પેકેજની જાહેરાત કરી છે.**

**(ii) કાર્બી લોકોના વિકાસ માટે કેન્દ્ર સરકાર કાર્બી કલ્યાણ પરિષદની સ્થાપના કરશે.**

(A) માત્ર (i) (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) એકપણ નહીં

**58. હાલમાં કયા રાજ્યના પ્રાદેશિક અખંડિતતાના દાયકાઓ જૂના સંકટને સમાપ્ત કરવા તેમજ તે રાજ્યના કાર્બી લોકોના સમુદાયના વિકાસ માટે ભારત સરકારે કાર્બી આંગલોંગ કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?**

(A) ઓડીશા (B) નાગાલેન્ડ (C) આસામ (D) મિઝોરમ

**59. 'ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2022' અનુસાર ________ ભારત દ્વારા ટોચ પર હતું જ્યારે ________ સતત છઠ્ઠા વર્ષે વિશ્વભરમાં યાદીમાં ટોચ પર હતું.**

(A) IISc બેંગ્લોર, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી
(B) IISc બેંગલોર, ઓકસફોર્ડ યુનિવર્સિટી
(C) IIT મદ્રાસ, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી
(D) IIT મદ્રાસ, ઓકસફોર્ડ યુનિવર્સિટી

**60. આંતરરાષ્ટ્રીય ચેરિટી દિવસ દર વર્ષે ________ ના રોજ મનાવવામાં આવે છે.**

(A) 08 સપ્ટેમ્બર (B) 07 સપ્ટેમ્બર (C) 06 સપ્ટેમ્બર (D) 05 સપ્ટેમ્બર

**61. ગુજરાત સરકાર દ્વારા ગ્રામ્ય વિકાસ માટે કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?**

(A) મારું કામ મારું મૂલ્ય
(B) મારું ગામ મારું ગૌરવ
(C) દરેક હાથને કામ
(D) વતન પ્રેમ

**62. કઈ રાજ્ય સરકારે વતન પ્રેમ યોજના હેઠળ રૂ. 1,000 કરોડના જાહેર કલ્યાણ પ્રોજેકટ શરૂ કરવાની યોજના બનાવી છે?**

(A) મધ્યપ્રદેશ (B) ગુજરાત (C) રાજસ્થાન (D) મહારાષ્ટ્ર

**63. દુગોંગ માટે ભારતનું પ્રથમ સંરક્ષણ અનામત ________ માં સ્થાપવામાં આવશે.**

(A) પાલ્ક ખાડી
(B) કચ્છનો અખાત
(C) મન્નરની ખાડી
(D) આંદામાન અને નિકોબાર ટાપુઓ

**64. ઈન્ડિયા પ્લાસ્ટિક કરાર વર્લ્ડ–વાઈડ ફંડ ફોર નેચર–ઈન્ડિયા (WWF ઈન્ડિયા) અને ________ વચ્ચે સંયુકત પહેલ છે.**

(A) ભારતીય ઉદ્યોગ સંઘ
(B) રાષ્ટ્રીય પર્યાવરણીય ઈજનેરી સંશોધન સંસ્થા
(C) ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(D) કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

**65. ધ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં 13 વૈશ્વિક નેતાઓમાંથી કયા નેતાને સૌથી વધુ 70% રેટિંગ મળે છે ?**

(A) યુએસ પ્રમુખ જો બાઈડેન
(B) બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોહ્ન્સનં
(C) જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ
(D) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**66. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે દ્વિપક્ષીય કવાયત 'ઓસિન્ડેકસ–2021'નું ચોથું સંસ્કરણ શરૂ થયું હતું ?**

(A) અલ્જેરિયા (B) અઝરબૈજાન (C) ઓસ્ટ્રેલિયા (D) આર્મેનિયા

**67. દર વર્ષે વાદળી આકાશ માટે સ્વચ્છ હવાનો આંતરરાષ્ટ્રીય દિવસ ________ ના રોજ મનાવવામાં આવે છે.**

(A) 5 સપ્ટેમ્બર (B) 6 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 7 સપ્ટેમ્બર

**68. તાજેતરમાં નીચેનામાંથી કોને એશિયન સ્કવોશ ફેડરેશનના ઉપાધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે ?**

(A) સાયરસ પોન્યા (B) કુશ કુમાર (C) કાન્હછ નાણાવટી (D) મહેશ માનગાંવકર



ગુજરાત લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા આયોજિત

GUJARAT POLICE

# કોન્સ્ટેબલ

# PSI/ASI

માટે

# ફ્રી

# ફિઝીકલ ટ્રેનિંગ (શારીરિક કસોટી)







Ex. આર્મીમેન તથા સ્પેશિયલ ઓફિસર દ્વારા ટ્રેનિંગ

સંસ્થાના વિદ્યાર્થીઓ માટે કોઈ Registrationની જરૂર નથી

સંસ્થાની બહારના વિદ્યાર્થીઓ પણ આ ટ્રેનિંગમાં ભાગ લઈ શકશે પરંતુ આ માટે Registration ફરજિયાત છે

(Free Registration & Training)

ટ્રેનિંગ ટૂંક સમયમાં શરૂ થશે

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**સુરત - HO (ઉધના)**

Ph. : 70466 33255

| વરાછા (સુરત) | વલસાડ | વ્યારા | નવસારી |
|---|---|---|---|
| Ph. : 70464 16555 | Ph. : 81401 37555 | Ph. : 90998 64658 | Ph. : 70466 41555 |

**69. ચીન–મ્યાનમાર નવા જમીન વેપાર માર્ગ વિશે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**
**(i) તે ચીનના વિશાળ પશ્ચિમ વિસ્તારને હિંદ મહાસાગર સાથે જોડી દેશે.**
**(ii) તે ભારત અને બાંગ્લાદેશમાંથી પસાર થશે.**
(A) <u>માત્ર (i)</u> (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) આપેલ પૈકી કોઈ નહીં

**70. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ વર્ષ 2021માં G20 આરોગ્ય મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો. વર્ષ 2021માં G20 ના અધ્યક્ષ કયા દેશ છે ?**
(A) <u>ઈટાલી</u> (B) ઈન્ડોનેશિયા (C) ભારત (D) બ્રાઝિલ

**71. નીચેનામાંથી કોણ 9 સપ્ટેમ્બર, 2021 ના રોજ 13 મી બ્રિકસ સમિટની વર્ચ્યુઅલ અધ્યક્ષતા કરશે ?**
(A) એસ જયશંકર (B) જી. કિશન રેડ્ડી (C) <u>નરેન્દ્ર મોદી</u> (D) પિયુષ ગોયલ

**72. તાજેતરમાં કોણે 'ચંદ્ર વિજ્ઞાન વર્કશોપ'નું ઉદ્ઘાટન કર્યું અને ચંદ્રયાન–2 ના ડેટા બહાર પાડયા ?**
(A) <u>કે સિવન</u> (B) જી સતીશ રેડ્ડી (C) ડો. જીતેન્દ્ર સિંહ (D) નરેન્દ્ર મોદી

**73. તાજેતરમાં જૈવિક–ઈંટોથી બનેલી ભારતની પ્રથમ ઈમારતનું ઉદ્ઘાટન ________ માં થયું હતું.**
(A) IIT દિલ્હી (B) <u>IIT હૈદરાબાદ</u> (C) IIT ચેન્નાઈ (D) IISc બેંગ્લોર

**74. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય 'આઝાદી કા અમૃત મહોત્સવ' તહેવારના ભાગરૂપે _______ સુધી ફૂડ પ્રોસેસિંગ સપ્તાહનું આયોજન કરી રહ્યું છે.**
(A) <u>6 – 12 સપ્ટેમ્બર</u> (B) 8 – 14 સપ્ટેમ્બર
(C) 3 – 9 સપ્ટેમ્બર (D) આપેલ પૈકી કોઈ નહીં

**75. તાજેતરમાં કેન્દ્ર સરકારે કોલસા આધારિત હાઈડ્રોજન ઉત્પાદન માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી. આ સમિતિનું નેતૃત્વ કોણ કરશે ?**
(A) આશિષ ઉપાધ્યાય (B) આલોક કુમાર (C) <u>આર.કે. મલ્હોત્રા</u> (D) આર.કે. સિંહ

**76. MSME સેકટરની નિકાસ વધારવા માટે કઈ રાજ્ય સરકારે એમેઝોન ઈન્ડિયા સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે ?**
(A) ઓડિશા સરકાર (B) મણિપુર સરકાર (C) રાજસ્થાન સરકાર (D) <u>ગુજરાત સરકાર</u>

**77. હાલમાં G20 સમિટ માટે ભારતના શેરપા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**
(A) નરેન્દ્ર મોદી (B) <u>પિયુષ ગોયલ</u> (C) રાજનાથ સિંહ (D) ડો. હર્ષવર્ધન

**78. તાજેતરમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મહેસૂલ પ્રાપ્તિ માટે સશસ્ત્ર દળોને મહેસૂલ વ્યવસ્થાપન માટે નાણાકીય સત્તા સોંપવાની મંજૂરી આપી હતી. આ અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**
**(i) નાયબ વડાઓની નાણાકીય તાકાતમાં 10 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જે રૂ.500 કરોડની એકંદર મર્યાદાને આધીન છે.**
**(ii) નાણાકીય સત્તાઓના પ્રતિનિધિમંડળનો મુખ્ય ઉદ્દેશ સાધનસામગ્રીની પ્રાપ્તિમાં નીચેના ક્ષેત્ર કમાન્ડરો અને કમાન્ડરોને સશકત બનાવવાનો છે.**
(A) માત્ર (i) (B) માત્ર (ii)
(C) (i) અને (ii) (D) આપેલ પૈકી કોઈ નહીં

**79. તાજેતરમાં યોજાયેલ ભારત–જાપાન ઉચ્ચ સ્તરીય નીતિ સંવાદ અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**
**1. બંને દેશોના નેતાઓએ કૃષિ અને જળ વ્યવસ્થાપન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી.**
**2. આ પ્રથમ ભારત–જાપાન ઉચ્ચ સ્તરીય નીતિ સંવાદ છે.**
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 (D) આપેલ પૈકી કોઈ નહીં

**80. દિલ્હી ખાતે ભારતના પ્રથમ કાર્યાત્મક સ્મોગ ટાવરના સંદર્ભમાં, નીચેના નિવેદનો ધ્યાનમાં લો :**
**1. ટાવરમાં વપરાતી ગાળણક્રિયા વ્યવસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ બેંગલોર સંસ્થાએ તૈયાર કરી છે.**
**2. ટાવરનું નિર્માણ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા NBCC (ઈન્ડિયા) લિમિટેડ સાથે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કરવામાં આવ્યું છે.**
**ઉપરોક્ત પૈકી કયું / કયાં વિધાન યોગ્ય છે ?**
(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને (D) આપેલ પૈકી કોઈ નહીં

**81. તાજેતરમાં હબીબગંજ રેલવે સ્ટેશનને GEM 5 રેટિંગ આપવામાં આવ્યું છે. કયા રાજ્યમાં હબીબગંજ રેલવે સ્ટેશન આવેલું છે?**
(A) પશ્ચિમ બંગાળ (B) ઉત્તર પ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) આસામ

**82. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 46મો ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ સમારોહ યોજાયો હતો ?**
(A) ગાંધીનગર (B) સુરત (C) અમદાવાદ (D) રાજકોટ

**83. નીચેનામાંથી કયા રેલવે સ્ટેશનને 5 સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' એનાયત કરવામાં આવ્યું છે ?**
(A) ગોરખપુર રેલવે સ્ટેશન (B) સિકંદરાબાદ રેલવે સ્ટેશન
(C) ચંદીગઢ રેલવે સ્ટેશન (D) દીન દયાળ ઉપાધ્યાય રેલવે સ્ટેશન

**84. નિર્લેપ સિંહ રાયને તાજેતરમાં નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડનું મુખ્ય મથક કયાં આવેલું છે ?**
(A) પટના, બિહાર (B) સુરત, ગુજરાત (C) નોઈડા, યુપી (D) કોચી, કેરળ

**85. સરકારે PLI યોજના હેઠળ કાપડ ક્ષેત્ર માટે _________ મૂલ્યના પ્રોત્સાહનો મંજૂર કર્યા.**
(A) રૂ. 10,683 કરોડ (B) રૂ. 6,683 કરોડ
(C) રૂ. 7,683 કરોડ (D) રૂ. 9,683 કરોડ

**86. તાજેતરમાં કેન્દ્રએ કોલસા આધારિત હાઈડ્રોજન ઉત્પાદન માટે માર્ગ નકશો તૈયાર કરવા માટે ટાસ્ક ફોર્સ અને નિષ્ણાત સમિતિની રચના કરી છે. કોના અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે ?**
(A) વિનોદ કુમાર તિવારી (B) TM વિજય ભાસ્કર
(C) અજિત કુમાર (D) અનિલ કુમાર ઘાચી

**87. વિશ્વ EV દિવસ દર વર્ષે 9 સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. પ્રથમ વિશ્વ EV દિવસ કયા વર્ષે મનાવવામાં આવ્યો ?**
(A) વર્ષ 2021 (B) વર્ષ 2020 (C) વર્ષ 2019 (D) વર્ષ 2018




**88. નિકાસ–આયાત બેંક ઓફ ઈન્ડિયા (EXIM બેંક) ના નવા મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) રાકેશ શર્મા (B) દિનેશ ખરા (C) <u>હર્ષ ભૂપેન્દ્ર બાંગરી</u> (D) શિખર મિત્તલ

**89. પીએમ મોદીએ "શિક્ષા પર્વ–2021"નું ઉદ્ઘાટન કર્યું તેનો વિષય શું છે ?**

(A) Culture of Innovation in our Schools
(B) <u>Quality and Sustainable Schools : Learnings from Schools in India</u>
(C) Transforming the System of Assessment : Holistic Progress Card
(D) Foundational Literacy and Numeracy

**90. જાપાનના વડાપ્રધાનનું નામ જણાવો, જેમણે તાજેતરમાં જ તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે ?**
(A) નારુહિતો (B) શિન્ઝો આબે (C) યોશીહિકો નોડા (D) <u>યોશીહિડે સુગા</u>

**91. તાજેતરમાં 7મા યામીન હજારિકા વુમન ઓફ સબસ્ટન્સ એવોર્ડ 2021 થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?**
(A) હર્ષિતા ગોયલ (B) સિમરન ભલ્લા (C) ગીતિકા ત્યાગી (D) <u>નમિતા ગોખલે</u>

**92. કઈ પેમેન્ટ બેન્કે તાજેતરમાં (સપ્ટેમ્બર 2021માં) હોમ લોન આપવા માટે LIC હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા ?**
(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (B) ફિનો પેમેન્ટ્સ બેંક
(C) <u>ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક</u> (D) બેંક ઓફ બરોડા

**93. હાલમાં વર્ષ 2021 માટે આંતરરાષ્ટ્રીય યંગ ઈકો–હીરો એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?**
(A) <u>અયાન શંકત</u> (B) સુનીતા નારાયણ (C) અજીત કુમાર બેનર્જી (D) વરુણ આદિત્ય

**94. તાજેતરમાં ભારતના સૌથી ઊંચું (24 મીટર) હવા શુદ્ધિકરણ ટાવરનું ઉદ્ઘાટન કયા શહેરમાં કરવામાં આવ્યું છે ?**
(A) હૈદરાબાદ (B) નવી દિલ્હી (C) <u>ચંડીગઢ</u> (D) મોહાલી

**95. નીચેનામાંથી કયા નેતાએ તાજેતરમાં 09 સપ્ટેમ્બર 2021 ના રોજ 13મી બ્રિક્સ સમિટની અધ્યક્ષતા કરી હતી ?**
(A) જેર બોલ્સોનારો (B) વ્લાદિમીર પુતિન (C) <u>નરેન્દ્ર મોદી</u> (D) સિરિલ રામાફોસા

**96. તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વર્ષ 2021ની ઈન્ડિયા રેન્કિંગ જાહેર કરી. આ રેન્કિંગમાં __________ સતત ત્રીજા વર્ષે એકંદર કેટેગરીમાં તેમજ એન્જિનિયરિંગમાં પ્રથમ સ્થાને રહ્યું.**
(A) <u>IIT મદ્રાસ</u> (B) IIT દિલ્હી (C) IIT બોમ્બે (D) IIT રૂરકી

**97. 'મેં ભી ડિજિટલ 3.0' અભિયાન વિશે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**
**(i) આ પીએમ સ્વનિધિ યોજના હેઠળ ડિજિટલ ઓનબોર્ડિંગ અને સ્ટ્રીટ વેન્ડર્સની તાલીમ માટે શરૂ કરાયેલ એક ખાસ અભિયાન છે.**
**(ii) ગ્રામીણ વિકાસ મંત્રાલયે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય સાથે મળીને 'મેં ભી ડિજિટલ 3.0' અભિયાન શરૂ કર્યું છે.**
(A) <u>માત્ર (i)</u> (B) માત્ર (ii)
(C) (i) અને (ii) (D) આપેલ પૈકી કોઈ નહીં

**98. ભારતનો પ્રથમ સ્વદેશી ઉચ્ચ રાખ કોલ ગેસિફિકેશન આધારિત મિથેનોલ ઉત્પાદન પ્લાન્ટ ________ માં BHEL ના R & D કેન્દ્રમાં ડિઝાઈન કરવામાં આવ્યો છે.**
(A) ભોપાલ (B) ચેન્નઈ (C) <u>હૈદરાબાદ</u> (D) લખનઉ

**99. G-20 સમિટ વિશે નીચેનામાંથી કયું ખોટું છે ?**
**(i) ભારત 2024માં પ્રથમ વખત G20 નેતાઓ સમિટનું આયોજન કરશે.**
**(ii) G20 માટે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલને ભારતના શેરપા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.**
(A) <u>માત્ર (i)</u> (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) આપેલ પૈકી કોઈ નહીં

**100.સંરક્ષણ મંત્રીએ તાજેતરમાં જ વાયુસેનામાં મધ્યમ રેન્જની સપાટીથી 'એર મિસાઈલ (MR-SAM)' હવા સંરક્ષણ પ્રણાલીનો સમાવેશ કર્યો હતો. MR-SAM સંરક્ષણ પ્રણાલીની રેન્જ કેટલી છે ?**

(A) 50 કિમી (B) 60 કિમી (C) 70 કિમી (D) 80 કિમી

**101.ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપના ભાગરૂપે ભારત અને ________ એ સંયુકત રીતે 'સેન્ટર ઓફ એકસલન્સ ઓન ઓફશોર વિન્ડ' શરૂ કર્યું છે.**

(A) ફ્રાન્સ (B) ડેનમાર્ક (C) જર્મની (D) જાપાન

**102.કયા રાજ્યએ વતન પ્રેમ યોજના શરૂ કરી છે ?**

(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) આસામ (D) હરિયાણા

**103.તાજેતરમાં આંધ્રપ્રદેશ સરકારે આર્થિક સલાહકાર તરીકે કોની નિમણૂક કરી છે ?**

(A) કુલદીપ સિંહ (B) જેબી મહાપાત્રા (C) રજનીશ કુમાર (D) કમલેશ કુમાર પંત

**104.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જાહેર ક્ષેત્રના ધિરાણકર્તાને _______ પ્રોમ્પ્ટ કરેકિટવ એકશન (PCA)ના માળખામાંથી નાણાકીય અને ધિરાણ રૂપરેખા સુધારવા માટે બહાર કર્યા છે.**

(A) બેંક ઓફ મહારાષ્ટ્ર (B) યુકો બેંક
(C) સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા (D) ઈન્ડિયન ઓવરસીઝ બેંક

**105.પુરુષોના આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરવાના વિશ્વ રેકોર્ડને કોણે તોડયો છે ?**

(A) નેમારો (B) લાયોનેલ મેસ્સી (C) ઝવિક (D) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

**106.ઉત્તરાખંડના રાજ્યપાલનું નામ જણાવો, જેમણે તાજેતરમાં રાજીનામું આપ્યું છે.**

(A) બનવારીલાલ જોશી (B) બેબી રાની મૌર્ય
(C) અઝીઝ કુરેશી (D) કૃષ્ણકાંત પોલ

**107.તાજેતરમાં ભારતની 'સુરક્ષા બાબતોની સમિતિ' એ કયા દેશના 'C-295 MW' વિમાનની ખરીદીની મંજૂરી આપી છે?**

(A) સ્પેન (B) અમેરિકા (C) રશિયા (D) ઈઝરાયેલ

**108.તાજેતરમાં સરકારે દવાઓ, સૌંદર્ય પ્રસાધનો અને તબીબી ઉપકરણો માટે નવો કાયદો ઘડવા માટે એક સમિતિની રચના કરી. તેનું નેતૃત્વ ________ કરશે.**

(A) ડો.વી.જી.સોમાણી (B) રણદીપ ગુલેરિયા
(C) બલારામ ભાર્ગવ (D) પ્રિયંકા બંસલ ગુપ્તા

**109.તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉત્તર પ્રદેશ નેશનલ લો યુનિવર્સિટીનો શિલાન્યાસ કયા જિલ્લામાં કર્યો હતો ?**

(A) કાનપુર (B) પ્રયાગરાજ (C) લખનઉ (D) ગોરખપુર

**110.તાજેતરમાં (સપ્ટેમ્બર 2021 દરમિયાન) ભારતે પ્રથમ વખત કયા દેશ સાથે 2 + 2 મંત્રી સંવાદનું આયોજન કર્યું હતું ?**

(A) જાપાન (B) યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા
(C) ઓસ્ટ્રેલિયા (D) ફ્રાન્સ

**111.રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) સરદાર ઈકબાલ સિંહ લાલપુરા (B) વિજય સાંપલા
(C) મનોજ આહુજા (D) અજિત શેઠ

**112.ATL સ્પેસ ચેલેન્જ 2021 વિશે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**

**(i) તેને શિક્ષણ મંત્રાલયના સહયોગથી અટલ ઈનોવેશન મિશન (AIM) દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.**

**(ii) આ પડકાર દેશભરના તમામ શાળાના વિદ્યાર્થીઓ, માર્ગદર્શકો અને શિક્ષકો માટે તૈયાર કરવામાં આવ્યો છે.**

(A) માત્ર (i) (B) માત્ર (ii)

(C) (i) અને (ii) (D) આપેલ પૈકી કોઈ નહીં

**113.તાજેતરમાં વિશ્વનો સૌથી મોટો કાર્બન કેપ્ચર પ્લાન્ટ ________ માં ખોલવામાં આવ્યો છે.**

(A) ફિનલેન્ડ (B) આઈસલેન્ડ (C) આયર્લેન્ડ (D) ઈટાલી



**114.તાજેતરમાં ભારતની સૌથી મોટી ખુલ્લી ભઠ્ઠીનું ઉદ્‌ઘાટન 12 સપ્ટેમ્બરના રોજ ________ ઉત્તરાખંડમાં કરવામાં આવ્યું છે.**
(A) <u>રાણીખેત</u> (B) મસૂરી (C) નૈનીતાલ (D) મુક્તેશ્વર

**115.તાજેતરમાં નોવાક જોકોવિચને હરાવીને યુએસ ઓપન–2021 મેન્સ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ કોણે જીત્યો છે ?**
(A) રોજર ફેડરલ (B) ડેનીલ મેદવેદેવ
(C) જે સેલિસબરી (D) રાફેલ નડાલ

**116.વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ 2021 ________ ના રોજ મનાવવામાં આવ્યો.**
(A) 10 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 6 સપ્ટેમ્બર (D) <u>11 સપ્ટેમ્બર</u>

**117.તાજેતરમાં કયા દેશે નવો પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ 'ગાઓફેન–5 02' લોન્ચ કર્યો છે ?**
(A) થાઈલેન્ડ (B) જાપાન (C) <u>ચીન</u> (D) ફ્રાન્સ

**118.હાલ ચર્ચામાં રહેનાર 'નુખાઈ' કયા રાજ્યનો મહત્વનો કૃષિ તહેવાર છે ?**
(A) પશ્ચિમ બંગાળ (B) રાજસ્થાન
(C) બિહાર (D) <u>ઓરિસ્સા</u>

**119.નીચેનામાંથી કયા રાજ્યના મુખ્યમંત્રીએ તાજેતરમાં 10 સપ્ટેમ્બર 2021 ના રોજ બાજરી મિશન શરૂ કર્યું છે ?**
(A) મધ્યપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ
(C) બિહાર (D) <u>છત્તીસગઢ</u>

**120.સરકારે તાજેતરમાં ઉલ્લેખિત કૃષિ પેદાશો માટે પરિવહન અને માર્કેટિંગ સહાય (TMA) યોજનાનો વ્યાપ વધાર્યો છે અને તેને ________ સુધી લંબાવ્યો છે.**
(A) 31 જાન્યુઆરી, 2022 (B) <u>31 માર્ચ, 2022</u>
(C) 30 એપ્રિલ, 2022 (D) 31 મે, 2022

**121."ભારતમાં માનવ અધિકારો અને આતંકવાદ" (Human Rights and Terrorism in India) નામના નવા પુસ્તકના લેખક કોણ છે ?**
(A) <u>સુબ્રમણ્યમ સ્વામી</u> (B) સંબિત પાત્રા (C) રાધા મોહન સિંહ (D) રવિશંકર પ્રસાદ

**122.તાજેતરમાં જ ભારતનું પ્રથમ પરમાણુ મિસાઈલ ટ્રેકિંગ જહાજ ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું છે. આ જહાજનું નામ શું છે ?**
(A) INS કોચી (B) <u>INS ધ્રુવ</u> (C) INS તાબર (D) INS વિક્રાંત

**123.તાજેતરમાં IAEA (International Atomic Energy Agency) એ કયા દેશ સાથે પરમાણુ સ્થળોની દેખરેખ માટે સ્થાપિત કેમેરાના મેમરી કાર્ડ્સ બદલવા માટે કરાર કર્યો છે ?**
(A) ઈરાક (B) <u>ઈરાન</u> (C) ઉત્તર કોરિયા (D) તુર્કી

**124.હિન્દી દિવસ દર વર્ષે 14 સપ્ટેમ્બર ઉજવવામાં આવે છે. બંધારણ સભાએ કયા વર્ષમાં હિન્દીને ભારતની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારી ?**
(A) 1947 (B) 1948 (C) <u>1949</u> (D) 1950

**125.તાજેતરમાં પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સરદારધામ ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે કયાં સ્થિત છે ?**
(A) <u>અમદાવાદ</u> (B) ગાંધીનગર
(C) બારડોલી (D) કેવડીયા કોલની (નર્મદા જિલ્લા)

**Banking Academy™**
Publications

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર થનાર

**Available Now...**




# PSI / ASI
# CONSTABLE

## માટે

# ALL IN ONE




આપની નજીકના BOOK STORE
તેમજ બેન્કિંગ એકેડમીની કોઈ પણ
શાખા પરથી પણ મેળવી શકશો.

COURIER દ્વારા
પણ મેળવી શકશો.

**Mo. 7046493555**

| SURAT (HO-UDHNA) | VARACHHA (SURAT) | VYARA | VALSAD | NAVSARI |
|---|---|---|---|---|
| 70461 40555 | 70464 16555 | 90998 64658 | 81401 37555 | 70466 41555 |

**126.કલાઈમેટ એકશન અને ફાઈનાન્સ મોબિલાઈઝેશન સંવાદ અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?**

**1. ભારત અને યુનાઈટેડ કિંગડમે તાજેતરમાં જ કલાઈમેટ એકશન અને ફાઈનાન્સ મોબિલાઈઝેશન સંવાદ શરૂ કર્યો.**

**2. તેને ભૂપેન્દ્ર યાદવ અને જોન કેરી દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.**

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 (D) આપેલ પૈકી કોઈ નહીં

**127.ભારતીય નૌકાદળે તાજેતરમાં 10 સપ્ટેમ્બરના રોજ લાલ સમુદ્રમાં ________ સાથે દરિયાઈ ભાગીદારી કવાયતમાં ભાગ લીધો હતો.**

(A) ઈટાલિયન નૌકાદળ (B) ઈજિપ્તની નૌકાદળ
(C) સુદાનની નૌકાદળ (D) આપેલ પૈકી કોઈ નહીં

**128.નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT – National Company Law Appellate Tribunal) ના કાર્યકારી અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) જસ્ટિસ એસજે મુખોપાધ્યાય (B) જસ્ટિસ એમ વેણુગોપાલ
(C) જસ્ટિસ એમ કે જૈન (D) જસ્ટિસ એનવી રમણા

**129.કયા દેશે 50 પ્રકારના કેન્સરને શોધવા માટે વિશ્વનું સૌથી મોટું રકત પરીક્ષણ અભિયાન શરૂ કર્યું છે ?**

(A) ફ્રાન્સ (B) ઓસ્ટ્રેલિયા
(C) યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (D) યુનાઈટેડ કિંગડમ

**130.તાજેતરમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ડિજિટલ કૃષિને આગળ વધારવા માટે ખાનગી કંપનીઓ (સિસ્કો, નિન્જાકાર્ટ, જિયો પ્લેટફોર્મ લિમિટેડ, આઈટીસી લિમિટેડ અને એનસીડીઈએકસ ઈ–માર્કેટ્સ લિમિટેડ) સાથે ______ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.**

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

**131.તાજેતરમાં દૂરસ્થ વિસ્તારોમાં ડિજિટલ બેન્કિંગ અને નાણાકીય સેવાઓને પ્રોત્સાહન આપવા માટે નીચેનામાંથી કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં 'એક ગ્રામ પંચાયત–એક ડિજી–પે સખી' મિશન શરૂ કરવામાં આવ્યું છે ?**

(A) જમ્મુ અને કાશ્મીર (B) લદ્દાખ
(C) હિમાચલ પ્રદેશ (D) અરુણાચલ પ્રદેશ

**132.તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, ભારતની યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) ને જુલાઈ, 2022 સુધીમાં કયા દેશના પેનાઉ સાથે જોડવામાં આવશે ?**

(A) ઈંગ્લેન્ડની (B) સિંગાપોર (C) અમેરિકા (D) રશિયા

**133.ઈજનેર દિવસ દર વર્ષે ________ ના રોજ ઉજવવામાં આવે છે.**

(A) 18 નવેમ્બર (B) 16 સપ્ટેમ્બર (C) 14 ઓકટોબર (D) 15 ઓકટોબર

**134.14 સપ્ટેમ્બર 2021 ના રોજ, પીએમ મોદીએ ________ માં રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ સ્ટેટ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો.**

(A) આગ્રા (B) અલીગઢ (C) મેરઠ (D) કાનપુર




135.ઈસરો (ISRO) સાથે કઈ ખાનગી કંપનીએ તેની કુશળતાનો ઉપયોગ કરવા અને તેની સુવિધાઓ મેળવવા માટે ફોર્મલ રીતે કરાર કરનારી ખાનગી કંપની બની છે ?

(A) સ્કાયરૂટ એરોસ્પેસ (B) ઈન્સ્પેસ
(C) ફાયર કોસ્મોસ (D) બેલાટ્રિક્સ એરોસ્પેસ

136.ભારતમાં બાજરાનું કેન્દ્ર બનવા માટે કયા રાજ્યે તાજેતરમાં “બાજરા મિશન” શરૂ કર્યું છે ?

(A) મધ્યપ્રદેશ (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) રાજસ્થાન

137.તાજેતરમાં કેટાલોનિયાના અલગાવવાદીઓ અલગ દેશની માંગને લઈને ચર્ચામાં છે. તે કયા દેશનો છે ?

(A) ડેનમાર્ક (B) ફ્રાન્સ (C) સ્પેન (D) જર્મની

**138.હાલમાં PM-KUSUM અંતર્ગત ઓફ ગ્રીડ સોલર પંપના સ્થાપનામાં નીચેનામાંથી કયું રાજ્ય ટોચ પર છે ?**

(A) રાજસ્થાન (B) હરિયાણા (C) પંજાબ (D) કેરળ

**139.હાલમાં ભારત સરકારનાં જણાવ્યા મુજબ કયા દેશો સાથે દરેક DefExpo ના આયોજનમાં દ્વિવાર્ષિક સંરક્ષણ મંત્રણા કરશે ?**

(A) દક્ષિણ અમેરિકન રાષ્ટ્ર (B) આફ્રિકન રાષ્ટ્ર
(C) યુરોપિયન રાષ્ટ્રો (D) એશિયન રાષ્ટ્ર

**140.તાજેતરમાં કયા ફૂટબોલ ખેલાડીને આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બનવા બદલ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે ?**

(A) સુનીલ છેત્રી (B) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો
(C) નેમાર પેરિસ (D) લાયોનેલ મેસ્સી

**141.રેબેકા ગ્રિન્સપેને કયા યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશનના પ્રથમ મહિલા સેક્રેટરી જનરલ તરીકે જવાબદારી સંભાળી છે ?**

(A) WTO (B) UNGA (C) UNEP (D) UNCTAD

**142.ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) અનિલ મુકિમ (B) સંજય કોઠારી (C) જે.પી.મોહાપાત્રા (D) પંકજ કુમાર

**143.ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2021માં રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાતા ઝવેરચંદ મેઘાણીની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી ?**

(A) 125 મી (B) 130 મી (C) 120 મી (D) 140 મી

**144.ગુજરાતના મહેસાણા જિલ્લાના વતની ભાવિનાબેન પટેલે ટોકયો પેરાલિમ્પિક 2020 માં સિલ્વર મેડલ જીત્યો છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ?**

(A) સ્વિમિંગ (B) કુસ્તી (49 Kg) (C) ટેબલ ટેનિસ (D) શૂટિંગ

**145.તાજેતરમાં ડેલ સ્ટેઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેઓ કયા દેશના ક્રિકેટર છે ?**

(A) દક્ષિણ આફ્રિકા (B) ઈંગ્લેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) ન્યૂઝિલેન્ડ

**146.તાજેતરમાં BSF (બોર્ડર સિકયુરિટી ફોર્સ)ના ડાયરેકટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) શ્રીધર શિખર (B) પંકજ કુમાર (C) રવિ વર્મા (D) સંજય જૈન

**147.હાલમાં વર્ષ 2021 માં ભારતની અધ્યક્ષતામાં કેટલામી બ્રિકસ સમિટનું આયોજન થયું હતું ?**

(A) 13 મી (B) 15 મી (C) 16 મી (D) 17 મી

**148.તાજેતરમાં 'રાજીવ ગાંધી નેશનલ પાર્ક' નું નામ બદલીને 'ઓરંગ નેશનલ પાર્ક' કરવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?**

(A) ઓડિશા (B) છત્તીસગઢ (C) ઝારખંડ (D) આસામ

**149.તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'SIMEX-2021'નું આયોજન થયું હતું ?**

(A) સાઉથ આફ્રિકા (B) શ્રીલંકા
(C) સિંગાપોર (D) સાઉથ અમેરિકા (અર્જેન્ટિના)

## GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

## GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




### Corporate Office - SURAT

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Circle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

### Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
**Ph. 70464 16555**

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
**Ph. 70466 41555**

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
**Ph. 90998 64658**

**VALSAD**
D. K. Park, Opp. Shivam Traders,
Abrama, Dharampur Road, Valsad.
**Ph. 8140137555**